# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ગોવા, કર્ણાટક અને ઝારખંડની ચાર દિવસની મુલાકાતે જવા રવાના થશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશભરમાં એક સામાન્ય આતંકવાદ વિરોધી ટુકડી માળખું બનાવવાનું આહ્વાન કર્યું

4) ભારતે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી.

5) ભારતે ત્રીજી મહિલા T20 ક્રિકેટ મેચમાં શ્રીલંકાને 8 વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં 3-0થી અજેય સરસાઈ મેળવી.

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CHIEF-SECRETARIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે. ગઈકાલે શરૂ થયેલી ત્રણ દિવસીય પરિષદનો ઉદ્દેશ્ય સતત સંવાદ દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

સાંભળીએ એક અહેવાલ......

(V/C: PALLAWI)

# PREZ-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ગોવા, કર્ણાટક અને ઝારખંડના ચાર દિવસના પ્રવાસે જશે.

તેઓ આજે સાંજે ગોવા માટે રવાના થશે. આવતીકાલે, તેઓ કર્ણાટકના કારવાર બંદરથી સબમરીન સફર શરૂ કરશે. સોમવારે, સુશ્રી મુર્મુ જમશેદપુરમાં ઓલ ચીકી લિપિના શતાબ્દી સમારોહમાં હાજરી આપશે.

આ લિપિ સાંસ્કૃતિક અને ભાષાકીય રીતે સંથાલ આદિવાસી સમુદાય માટે મહત્વપૂર્ણ છે અને તેમની ઓળખ, સાહિત્ય અને વારસાને જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

બાદમાં તેઓ NIT જમશેદપુરના 15મા દીક્ષાંત સમારોહને સંબોધિત કરશે. મંગળવારે, રાષ્ટ્રપતિ ઝારખંડના ગુમલામાં આંતરરાજ્ય લોકોના સાંસ્કૃતિક મેળાવડા, કાર્તિક યાત્રાને સંબોધિત કરશે.

## SHAH-COUNTER-TERRORISM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશભરમાં એક સામાન્ય આતંકવાદ વિરોધી ટુકડી-ATS માળખું બનાવવાનું આહ્વાન કર્યું છે. તેમણે રાજ્યોના પોલીસ મહાનિર્દેશકોને શક્ય તેટલી વહેલી તકે તેનો અમલ કરવા નિર્દેશ આપ્યો અને જણાવ્યું કે દેશભરની પોલીસ માટે એક સામાન્ય ATS માળખું દરેક સ્તરે આતંકવાદી હુમલાઓને રોકવામાં મદદ કરશે.

શ્રી શાહે ગઈકાલે નવી દિલ્હીમાં બે દિવસીય રાષ્ટ્રીય તપાસ એજન્સી આતંકવાદ વિરોધી પરિષદ 2025નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે, તેમણે કહ્યું કે NIAએ એક સામાન્ય આતંકવાદ વિરોધી ટુકડી માળખું વિકસાવવા માટે વ્યાપક કાર્ય હાથ ધર્યું છે.

ગૃહમંત્રીએ ભવિષ્યના પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે દેશમાં એક અભેદ્ય અને મજબૂત આતંકવાદ વિરોધી ગ્રીડ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી શાહે ઉમેર્યું કે સરકાર સંગઠિત ગુનાઓને દૂર કરવા માટે એક કાર્ય યોજના અમલમાં મૂકી રહી છે.

આ પ્રસંગે, શ્રી શાહે નવ રાષ્ટ્રીય તપાસ એજન્સીના કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવા અને આતંકવાદ વિરોધી પગલાંમાં યોગદાન બદલ સેવા ચંદ્રક અને શૌર્ય ચંદ્રકથી સન્માનિત કર્યા.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MEA-BRIEFING

ભારતે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બાંગ્લાદેશના મૈમનસિંહ શહેરમાં તાજેતરમાં એક હિન્દુ યુવાનની ક્રૂર હત્યાની નિંદા કરી.

## બાઇટ: જયસ્વાલ

બાંગ્લાદેશમાં આગામી ચૂંટણીઓ અંગેના બીજા પ્રશ્નના જવાબમાં, શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત બાંગ્લાદેશમાં મુક્ત, ન્યાયી, સમાવેશી અને સહભાગી ચૂંટણીઓને સમર્થન આપે છે

H-1B વિઝા મુદ્દા અંગે, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે H-1B વિઝા ધરાવતા ભારતીય નાગરિકોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા અને તેને ઘટાડવા માટે ભારત અમેરિકા સાથે સક્રિય રીતે સંકળાયેલું છે

# CBI

CBIએ ઉન્નાવ દુષ્કર્મ કેસમાં ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરને આજીવન કેદની સજા સ્થગિત કરવા અને જામીન આપવાના દિલ્હી વડી અદાલતના આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો છે.

CBIએ ગઈકાલે વડી અદાલતના નિર્ણયને પડકારતી ખાસ રજા અરજી સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં, વડી અદાલતે ભૂતપૂર્વ ધારાસભ્યની સજા સામેની અપીલ પેન્ડિંગ રહે તે દરમિયાન તેમની સજા સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો અને તેમને શરતી જામીન પણ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે સેંગરને 2019માં સ્પેશિયલ CBI કોર્ટે દોષિત ઠેરવ્યા હતા અને તેમને 25 લાખના દંડ સાથે આજીવન કેદની સજા ફટકારી હતી. તેમણે માર્ચ 2022માં તેમની સજા સ્થગિત કરવા માટે અપીલ દાખલ કરી હતી.

ઉન્નાવ કેસના દોષિતો અને તેમના પરિવારોએ સેંગરને જામીન આપવાના હાઈકોર્ટના નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. જોકે દુષ્કર્મ કેસમાં જામીનનો આદેશ હોવા છતાં, તેઓ જેલમાં રહેશે કારણ કે, હત્યા સંબંધિત અન્ય સીબીઆઈ કેસમાં તેમને 10 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે

# WEATHER

હવામાન વિભાગએ આગામી ત્રણથી ચાર દિવસ સુધી ઉત્તર પ્રદેશમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરી છે. બિહાર, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં પણ આવી જ સ્થિતિ રહેશે. દેશના ઘણા ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે રોજિંદૃ જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ...

V/C: WEATHER ADARSH

# WOMEN-S-CRICKET

ભારતે ત્રીજી મહિલા ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું છે. આ જીત સાથે ભારતે પાંચ મેચની શ્રેણીમાં 3-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે.

ગઈકાલે રાત્રે તિરુવનંતપુરમમાં રમાયેલી મેચમાં શ્રીલંકાએ 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 112 રન બનાવ્યા. શ્રીલંકા તરફથી ઇમેશા દુલાનીએ સૌથી વધુ 27 રન બનાવ્યા. ભારત તરફથી રેણુકા સિંહ ઠાકુરે ચાર વિકેટ લીધી, જ્યારે દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ લીધી.

ભારતે માત્ર 13 ઓવર અને બે બોલમાં 115 રન બનાવીને મેચ જીતી લીધી. શેફાલી વર્માએ 42 બોલમાં અણનમ 89 રન બનાવ્યા. રેણુકા સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- વિવિધ સમાચાર પત્રોએ આજે ભારત ચીન યુદ્ધ, દેશમાં હવા પ્રદૂષણ, બાળ પુરસ્કાર, કચ્છ ભૂકંપ, ચાંદીમાં વધારા કેનેડામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા જેવા સમાચારોને પ્રકાશિત કર્યા છે.

- દેશમાં કોરોના પછી હવે હવા પ્રદૂષણ સૌથી મોટું હેલ્થ સંકટ આ મથાળા સાથે સંદેશે હેડ લાઇન બનાવી છે. તો રાજ્યમાં રેરાની નવી SOP, ઠંડીમાં વધારો અને સુરેન્દ્રનગર કાંડ જેવા સમાચારોને છેલ્લા પાને સ્થાન આપ્યું છે.

- ફૂલછાબે બાળકોને સોશિયલ મીડિયાથુ દૂર રાખો શીર્ષક સાથે મુખ્ય સમાચાર બનાવ્યા છે, તો 33 વર્ષ બાદ ગુજરાત ટાઈગર સ્ટેટ ઘોષિત, ભારતરત્ન, પદ્મ સન્માનોને નામની આગળ લખી ન શકાય એવા શીર્ષક સાથે સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.